केन्द्रीय बागवानी परीक्षण केन्द्र
गोधरा-बडौदा हाईवे वेजलपुर (गोधरा)३८९३४० (गुजरात)
Phone: Head of Station-02676-234657, 234077 (O) A. Adm. Officer-234076


## જાહેર નિવિદા નં.05/2024

## આમળાંના ઊભા પાકની હરાજી માટે સીલબંધ કવરમાં ભાવ/ઓફરનું આમંત્રણ

આથી નીચે સહી કરનાર દ્વારા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 પંચમહાલના બ્લોક નં.3 અને 4 માં આવેલા આમળાંના (1093 ઝાડ) ઊભા પાકની હરાજી માટે તારીખ **14/10/2024** ને સોમવારના રોજ બપોરે 02.00 કલાક સુધીમાં સીલબંધ કવરમાં ભાવ આમંત્રિત કરવામાં આવે છે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી દરેક વ્યક્તિઓ/પાર્ટીઓએ હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 પંચમહાલને સંબોધિત માત્ર સીલબંધ કવરમાં આમળાંના ઊભા પાકના ભાવ દર્શાવીને અનામતની રકમ પેટે રૂ.20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા) નો ડિમાન્ડ ડ્રાફ્ટ **"સી.એચ.ઇ.એસ., વેજલપુર"** ના નામનો સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, વેજલપુર (કોડ નં.13025) સંલગ્ન કરવાનો રહેશે. કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 પંચમહાલના કાર્યાલય પર મુકેલ ટેન્ડર બોક્ષમાં તારીખ **14/10/2024** ના રોજ 02.00 કલાક સુધીમાં પ્રસ્તુત કરવાના રહેશે. અનામતની રાશિ પ્રસ્તુત નહી કરવાની સ્થિતિમાં સીલબંધ કવરના ભાવ સ્વીકારવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલ સીલબંધ કવર તે જ દિવસે 02.30 કલાકે હરાજીના સમયે ઉપસ્થિત વ્યક્તિઓ/પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતી વ્યક્તિઓ/પાર્ટીઓ આમળાંના પાકનું નિરીક્ષણ ઓફિસના કામકાજના દિવસો દરમ્યાન સવારના 10.00 થી સાંજના 04.00 કલાક સુધીમાં કરી શકશે. આમળાંનો પાક "જે છે તે આ જ છે" ના ધોરણે હરાજી કરવામાં આવશે. સીલબંધ કવરમાં જેની રકમ વધારે હશે, તે હરાજીમાં સફળ થશે તથા આમળાંના પાકની તમામ જવાબદારી સફળ થયેલ વ્યક્તિ/પાર્ટીની રહેશે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી વ્યક્તિ/પાર્ટી પાન નંબર ધરાવતી હોવી જોઈએ તથા તેની ઝેરોક્ષ કોપી સીલબંધ કવરમાં મૂકવાની રહેશે. પાન નંબર ન ધરાવતી વ્યક્તિ/પાર્ટી સીલબંધ કવર રજૂ કરી શકશે નહી. હરાજીમાં સફળ થયેલ વ્યક્તિ/પાર્ટીએ હરાજીની કુલ રકમના 33 ટકા રકમ હરાજીના દિવસે સ્થળ પર જમા કરાવવાની રહેશે. બાકીની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ બે દિવસમાં ઓફિસમાં જમા કરાવવાનો રહેશે. આમળાંના પાકને ઝાડ પરથી ઉતારતી વખતે ઝાડ, ડાળીઓ તથા કેન્દ્રની સંપતિને નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે. નુકશાન પહોચશે તો તેનું પણ વળતર લેવામાં આવશે. આમળાંના 05 છોડ સંશોધન માટે અનામત રાખવામાં આવશે. હરાજીમાં અસફળ થયેલ વ્યક્તિઓ/ પાર્ટીઓને અનામતની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ સાત દિવસમાં પરત કરવામાં આવશે. અન્ય શરતો હરાજીના સમયે સંભળાવવામાં આવશે. કોઈપણ કારણસર સીલબંધ કવરના ભાવ સ્વીકારવા કે નહી તેના તમામ હક્કો નીચે સહી કરનારને આધીન રહેશે, જે દરેક વ્યક્તિઓ/પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

પ્રધાન
કે.બા.પ.કે., વેજલપુર